©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] TUESDAY, 28th OCTOBER, 2025/KARTIKA 06, 1947 [No. 7069

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

"અધિસુચન"

બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, બોરસદ

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨, (બોરસદ) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

જા.નં. નપા/ટી.પીશાખા/વશી/૮૫૨/૨૦૨૫.-સન ૧૯૭૬ ના ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટની કલમ-૭૧ હેઠળ બોરસદની ટાઉન પ્લાનિંગ કમિટીના તા.૧૩-૧૦-૨૦૨૫ ના ઠરાવ નં.૧થી તથા વહીવટદારશ્રી બોરસદ નગરપાલિકા ના તા.૧૩-૧૦-૨૦૨૫ નાં ઠરાવ નં.૮૩ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો સદર કાયદાની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કર્યો છે. જેમાં સદર હું નગર રચના યોજનાના અંતિમખંડ નં.૧૪૯ (હેતુ: હાઉસિંગ ફોર વિકર સેક્શન) નો સમાવેશ થાય છે.

આ સમગ્ર વિગતે ટાઉન પ્લાનિંગ કમિટી તથા વહીવટદારશ્રી દ્વારા કરવામાં આવેલ ઠરાવની વિગતો નીચે મુજબ છે.

ટાઉન પ્લાનિંગ કમિટી બોરસદ ઠરાવ નં.૦૧ તા.૧૩-૧૦-૨૦૨૫

બોરસદની વિસ્તાર વિકાસ સત્તામંડળની ટાઉન પ્લાનિંગ કમિટીના તા.૧૯-૦૭-૨૦૨૫ ના રોજ ઠરાવ નં.૧ થી બોરસદની નગર રચના યોજના નં.૨ ના અંતિમખંડ નં.૧૪૯ નો હેતુફેર કરવા ઠરાવ કરવામાં આવેલ હતો. જે ઠરાવને વહીવટદારશ્રીના તા.૨૧-૦૭-૨૫ ના ઠરાવ નં.૬૦ થી બહાલી આપવામાં આવેલ હતી. જે અન્વયે બોરસદ નગરપાલિકાના તા.૦૨-૦૮-૨૦૨૫ ના પત્રથી મે.મુખ્ય નગર નિયોજકશ્રીને દરખાસ્ત પાઠવેલ જે અન્વયે મે.મુખ્ય નગર નિયોજકશ્રીના તા.૨૯-૦૮-૨૦૨૫ ના પત્રથી નગર રચના યોજના નં.૨ (બોરસદ) માં વેરિયેશન કરવા હદ પરામર્શ આપેલ છે.

ઉપરોક્ત વિગતોએ વિચારણાના અંતે સર્વાનુમતે બોરસદની હાલ બોરસદની ભૌગોલીક તથા સામાજિક પરિસ્થિતિઓને અનુરૂપ બોરસદ શેહેરનો વિકાસ ગતિમાં થઇ રહેલ છે. શહેરમાં જુદા-જુદા સમાજના લોકોના વિવિધ પ્રસંગો, કાર્યક્રમો યોજવા માટે કમ્યુનીટી હોલ (એસેમ્બલી હોલ) નથી. વ્યવસ્થા જાહેરહિતમાં વિકસાવી ઉચિત જણાય છે. સૂચિત દરખાસ્ત મુજબ યોજનાનું વેરિયેશન ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૧ હેઠળ કરવાનું થાય સદરહુ યોજનાને નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) તરીકે ગણવાની રહેશે. જે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળનો જરૂરી પરામર્શ મુખ્ય નગર નિયોજકશ્રી ગુજરાત રાજ્ય દ્વારા આપેલ છે. જે વિગતે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) બનાવવા નો અધિનિયમ ૧૯૭૬-ની કલમ-૪૧(૧) હેઠળ ઈરાદો જાહેર કરવા ઠરાવવામાં આવે છે. સદર વિગતે કરવાની થતી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવે છે. સદર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) ની ચતુ:સીમા નીચે મુજબ છે.

ઉતરે : નગર રચના યોજના નં.૨ (બોરસદ) ની હદ પૂર્ણ ત્યારબાદ રે.સ.નં.૧૧૦૦, ૧૧૦૪

દક્ષિણ : નગર રચના યોજના નં.૨ (બોરસદ) નો અંતિમખંડ ૧૫૨

પૂર્વ : નગર રચના યોજના નં.૨ (બોરસદ) ની હદપૂર્ણ ત્યારબાદ રે.સ.નં.૪૦૪

પશ્ચિમ : ૧૨ મી ટીપી સ્કીમ રોડ

વહીવટદારશ્રી બોરસદ ઠરાવ નં.૮૩ તા.૧૩-૧૦-૨૦૨૫

ઉપરોક્ત વંચાણે લીધેલ સંદર્ભ-(૧) થી નગરપાલિકાને વિકાસના કામો કરવા સત્તા સુપ્રત થયેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ-(૨) થી પ્રમુખશ્રીના કાર્યો તથા મુખ્ય અધિકારીશ્રીના કાર્યો ધ્યાને લઇ બોરસદ નગરપાલિકાને કાર્યો કરવાની સત્તા મળેલ છે. વંચાણે લીધેલ (૩) થી અત્રેની નગરપાલિકાનું વિસર્જન થયેલ હોઈ વંચાણ (૪) થી હુકમ અન્વયે અત્રેથી કચેરીએ વહીવટદાર તરીકે પ્રાંત અધિકારીશ્રી બોરસદની નિમણુંક થયેલ છે.

બોરસદ નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીના ઠરાવ નં.૧, તા.૧૩-૧૦-૨૦૨૫, ની વિગતો વંચાણે લેતા બોરસદની હાલ બોરસદની ભૌગોલીક તથા સામાજિક પરિસ્થિતિઓને અનુરૂપ બોરસદ શેહેરનો વિકાસ ગતિમાં થઈ રહેલ છે. શહેરમાં જુદા-જુદા સમાજના લોકોના વિવિધ પ્રસંગો, કાર્યક્રમો યોજવા માટે કમ્યુનીટી હોલ (એસેમ્બલી હોલ) નથી. વ્યવસ્થા જાહેરહિતમાં વિકસાવી ઉચિત જણાય છે. જે વિગતે ટાઉન પ્લાનિંગ કમિટીના ઠરાવ નં.૧, તા.૧૩-૧૦-૨૦૨૫ ના ઠરાવને આથી બહાલી આપવામાં આવે છે. તથા ઉક્ત કામે કરવાની થતી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવે છે.

સદરહુ યોજનામાં સમાવિષ્ટ થતા વિસ્તારની હદ દર્શાવતા નકશાની નકલ બોરસદ નગરપાલિકા, બોરસદ, હનુમાનજી મંદિર પાસે બોરસદ, ખાતે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદર નકશો કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના કામકાજ સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ રાખવામાં આવેલ છે.

બોરસદ વિસ્તાર વિકાસ સત્તા મંડળની ટાઉન પ્લાનિંગ કમિટીના ઠરાવ નં.૧, તા.૧૩-૧૦-૨૦૨૫ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨ (બોરસદ) (પ્રથમ ફેરફાર) માં દર્શાવેલ હદ મુજબ નક્કી કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) મુજબ ઈરાદો જાહેર કરવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગેની બધીજ આગળની કાર્યવાહી કરવાની સત્તા ચીફ ઓફિસરશ્રીને સુપ્રત કરવાનું ઠરાવવામાં આવ્યું.

સહી/- અવાચ્ય
ચીફ ઓફિસર
બોરસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ
બોરસદ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.10.29 14:57:32 IST